

## “હું તો ગઈ”તી મેળે.... મન મળી ગયું.... મેળામાં હૈયું હણાઈને ગયું તણાઈ....

મોડાસા પંથકમાં શક્તિ અને આરાધનાના પર્વ એવા નવરાત્રી પર્વની ઉજવણીનો રંગ જામ્યો છે. યુવાધન હિલોળે ચઢી રૂમઝૂમ ગરબે ઘૂમી રહ્યા છે. ટ્રેડિશનલ ડ્રેસમાં સજી ધજી “હું તો ગઈ” તી મેળે....મન મળી ગયું....મેળામાં હૈયું હણાઈને ગયું તણાઈ....ના તાલે રાસગરબાની રમઝટ જમાવી રહ્યા છે.

# પ્રાંતિજ વોર્ડ નં-૪માં ગટર અને રોડના કામને પગલે રહીશો તોબા તોબા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ વોર્ડ નંબર-૪મા છેલ્લા ૧૫ દિવસથી ગટર અને રોડના કામને લઈને આડેધડ ખોદકામ કરી દઈને કાચબાની ગતિએ કામ થતાં રહિશો તથા ખુદ સત્તાપક્ષના કોર્પોરેટરોએ પાલિકા સામે કામ ઝડપી થાય તે માટે બાયો ચવાડી છે.

પ્રાંતિજ વોર્ડ નંબર-૪ બારકોટ વિસ્તારમાં છેલ્લા પંદર દિવસથી રોડ કોન્ટ્રાક્ટર દ્વારા રોડના તથા ગટરના કામને લઈને બારકોટ વિસ્તારમાં બે ફુટ જેટલું ખોદકામ કરવામાં આવ્યું છે. બીજી બાજુ ખોદકામને લઈને ગટર તથા પીવાના પાણીની લાઈન ટુટયા બન્ને પાણી મીક્સ થતાં રોગચાળાની દહેશત ફેલાઈ છે. બીજી તરફ પીવાના પાણીનો પણ વેસ્ટ થઈ રહ્યો છે અને પાસે આવેલ રહીશોના મકાનના કળાની અંદર પાણી ઉતરે છે તો મકાન માલિક સહિત આજુબાજુના રહીશોમાં પણ મકાન ધરાસાઈ થવાનો ભય સતાવે છે, છેલ્લા પંદર દિવસથી કોન્ટ્રાક્ટર દ્વારા મંથરગતિએ કામ કરતાં આ વિસ્તારના રહીશો તોબાતોબા પોકારી ઉઠયા છે અને સાઈકલ તો શું પણ ચાલતા નિકળવું પણ મુશ્કેલ બન્યું છે. આજ વિસ્તારના વોર્ડ નંબર-૪ના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણીએ સમસ્યાને લઈને જાતે રજુઆતો કરવા છતાં પાલિકાતંત્ર દ્વારા હાલ તો ઠાગાઠૈયા થતું હોય તેવું જણાઈ આવે છે. હદ તો ત્યારે થઈ કે આ વિસ્તારના મહિલા કોર્પોરેટરના પતિ દિલીપભાઈ ભોઈએ તો એટલે સુધી કીધું કે મારા પત્ની પાલિકામાં કોર્પોરેટર છે અને જિલ્લામાં મંત્રી પણ છે પણ અમે કોર્પોરેટર તરીકે પણ અનેકવાર રજુઆતો પણ કરી પણ અમારૂ પણ આ પાલિકામાં સાંભળવામા નથી આવતું.





બીજા આમ વ્યકિત કે આમ પ્રજાનું શું સાંભળશે. ત્યારે તેવોએ તો એટલે સુધી કીધું કે અમારા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો, સ્વચ્છતા સહિતની રજુઆતો કરવા છતાં અમારૂ કાંઈ સાભળવામા આવતું નથી ત્યારે રહીશોનું તો શું પાલિકા દ્વારા સાંભળવામાં ત્યારે હાલ તો પીવાના પાણીની લાઈનમાં પંચર થતાં ગટરનું દુષિત પાણી મીક્સ થઈ રહ્યું છે. પાણી પાસે આવેલ રહીશોના મકાનના કળામાં ઉતરે છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે રહીશો અને ખુદ કોર્પોરેટરોની રજુઆતો બાદ પણ પાલિકા દ્વારા કામને લઈને ઝડપીથી વેગ આપવામાં આવશે કે કેમ એ તો હવે જોવું રહ્યું.

## પ્રાંતિજમાં બ્રહ્માણી માતાના જન્મ દિવસની કેક કાપી ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં પણ નવલી નવરાત્રીનો રંગ જામ્યો છે, ત્યારે પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિધ્ધ બ્રહ્માણીમાતાના મંદિર ખાતે બ્રહ્માણી યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કેક કાપી મા ના જન્મ દિવસની ઉજવણી કરાઈ.

પ્રથમ બે નોરતે મેઘરાજા વિધ્ન બનતા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકા નવરાત્રીના પ્રથમ બે નોરતામાં વરસાદ વિધ્ન બનતા બે નોરતા ઉપર વરસાદી પાણી ફરી વળ્યું હતું. મેઘરાજાએ ત્રીજા નોરતે ખમૈયા કરતાં ત્રીજા નોરતાથી ગરબા રસિકો ગરબે ઘૂમતા જોવા મળ્યાં હતાં તો ખૈલયાઓ એક મીનીટ પણ વેસ્ટ કરવા માંગતા ના હોય તેમ ગરબે ઘુમતા નજરે પડ્યા હતા. પ્રાંતિજમાં શ્રી બ્રહ્માણી માતાના મંદિર ખાતે બ્રહ્માણી યુવક મંડળ દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ પાંચમાં નોરતે મા બ્રહ્માણી માતાની જન્મ દિવસની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી. પટેલ સમાજના પ્રમુખ અમરતભાઈ રણછોડભાઈ પટેલ અને મલ્ટી પર્પજ સોસાયટી ચેરમેન અમરતભાઈ ગણપતભાઈ પટેલ દ્વારા કેક કાપવામાં આવી હતી.



ઉપસ્થિત બાળકો સહિત મંદિરે આવતા દર્શનનાથીઓને કેકનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. શ્રી બ્રહ્માણી માતાના જન્મ દિવસે હજારોની સંખ્યામાં માઈભકતો તથા પટેલ સમાજ તથા પ્રાંતિજ તથા તાલુકામાથી માઈભકતોએમાં ના દર્શન કરી કેકનો પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

## ડીસા તાલુકા પંચાયત ઓફિસમાથી ચોરી કરનાર ઈસમ ઝડપાયો

ડીસા, તા. ૪

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણકુમાર દુગ્ગલએ જિલ્લામા થયેલ મિલકત સબંધી ગુન્હા શોધવા અને અટકાવવા સૂચના આપતા ઈન્ચાર્જ એલ.સી.બી. પી.આઈ.પી.એલ. વાઘેલા તથા તેમની ટીમના એ.એસ.આઈ. પ્રવિણસિંહ, પો.કો. પ્રકાશભાઈ, મિલનદાસ, મહેશભાઈ વગેરે ડીસા શહેરમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન ટીમના પો.કો. પ્રકાશભાઈને મળેલ બાતમી હકીકત આધારે ડીસા ગાયત્રી મંદિર નજીકથી એક શંકાસ્પદ ઈસમને કંતાનના કોથળા સાથે પકડી ઝડતી તપાસ કરતા કોથળામાં ઓલ ઈન વન કોમ્પુટર તથા એક મોનીટર તથા બે સીસીટીવી કેમેરા મળી કુલ કી. રૂ. ૪૧,૦૦૦ના મુદ્દામાલ સાથે અજીતસિંહ ભગવાન સિંહ ડાભી (રહે. ધોરી તા. વડગામ હાલ રહે. ડીસા લીલાસા નગર)ને પકડી સઘન પૂછપરછ કરતા ચાર પાંચ દિવસ અગાઉ ડીસા તાલુકા પંચાંયત ઓફિસમાંથી આ મુદ્દામાલની ચોરી કરેલાંની કબૂલાત કરેલ. જે રેકર્ડથી ખાતરી તપાસ કરતા ડીસા ઉત્તર ગુન્હો દાખલ થયેલ હોઈ સદરહુ ઈસમને ઉપરોક્ત ગુન્હાના કામે અટક કરી કાર્યવાહી કરવા ડીસા ઉત્તર પોલિસને સોંપવામાં આવેલ છે.

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને બેન્કિંગ સિસ્ટમમાં અટવાતા ખેડૂતોમાં ઉગ્ર રોષ

પ્રધાનમંત્રી પાકવિમા યોજના ખેડૂતો માટે ફક્ત ધ્યેય જ ઉત્તમ છે પણ અમલીકરણમાં ધાંધિયા છે ખેડૂતોનો જો પાક નિષ્ફળ જાય તો તેમનો વળતર માટે વીમો આપવામાં આવે છે, પણ આ યોજનામાં રહેલી અનેક આંટીઘૂંટી તેમજ સિસ્ટમથી ખેડૂતો મુશ્કેલીમાં મુકતા હોય છે. અરવલ્લી જીલ્લાના ખેડૂતોનો પાક તો નિષ્ફળ ગયો તો ગયો પણ કેટલાક ખેડૂતોને આ સિઝનનો વીમો નથી લીધો કહી હાથ ખંખેરી લેતા ખેડૂતો પાક વીમો મેળવવા વલખા મારી રહ્યા છે. ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાતા આત્મહત્યા કરવા મજબુર બનવુંપડે તેવી દયનિય સ્થિતિ પેદા થઈ છે.

ખેડુતો જ્યારે બેંક પાસેથી પાક ધિરાણ મેળવે છે ત્યારે નિયમ પ્રમાણે પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અંતર્ગત તેમને ફરજીયાત વિમો લેવો પડતો હોય છે. જોકે આ વિમો આપતી વખતે ખેડુતોને જાણ કરવામાં આવતી નથી કે તેમનો વિમો લેવામાં આવ્યો છે. વિમાની રકમ લોનની રકમમાંથી કપાઈ જાય છે ત્યારે ખેડુતોએ પણ ખબર હોતી નથી કે કઈ સિઝન માટે વિમો લેવામાં આવ્યો છે. બેંક અને વીમા કંપનીઓની આંટાગૂંટીમાં માત્ર જગતનો તાત હાલ તો મુશ્કેલીમાં મુકાયો છે અને કંપનીઓની સિસ્ટમમાં જાણે હેન્ગ થયો છે.





ધનસુરા તાલુકાના શિકા ગામના ખેડૂતો તંત્રની સિસ્ટમનો ભોગ બન્યા છે. શીકા ગામમાં અતિવૃષ્ટી થવાના કારણે ગામના ખેડૂતો વાવેલ તમામ પાક નિષ્ફળ ગયા છે. જેના કારણે ગામાના ખેડૂતોએ પાક ધિરાણ સામે લીધેલ પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના અંતર્ગત વિમો મેળવવા માટે અરજી કરી હતી. જોકે વિમા કંપનીના એજન્ટ વિમો અન્ય સિઝન હોઈ સર્વે કરવાની ના પાડતા ખેડૂતો રોષે ભરાયા છે. શિકા દેના બેંક આગળ મોટી સંખ્યામાં ખેડૂતો પહોંચી ખેડૂતોને ન્યાય આપોના સૂત્રોચ્ચાર કરી ન્યાયની માંગ કરી હતી.

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાથી ખેડૂતો અજાણ હોય તેવું લાગી રહ્યું છે પાક વીમો ઉતારવાની સમગ્ર સિસ્ટમથી ખેડૂતોને દૂર રાખવામાં આવ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે સરકાર અને કંપનીના નિયમોથી ખેડૂતોને જાણ દૂર રાખવામાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. એક તરફ સરકાર ખેડૂતોના હિત માટે વિવિધ યોજનાઓ બનાવી રહી છે, પણ જાણે આ સિસ્ટમ શબ્દ ક્યાંથી લાવ્યા છે, તે કોઈને ખબર જ નથી પડતી, હાલ તો બેંક અને વીમા કંપનીઓ સિસ્ટમ પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે, અને ખેડૂતોને સિસ્ટમ શબ્દથી દૂર રખાયા છે.

## ખેડબ્રહ્મા તેમજ પોશીના તાલુકામાં ડુપ્લીકેટ ધી તેમજ હલકી ગુણવતાનુ નમકીન તેમજ માવાનું ધુમ વેચાણ

ખેડબ્રહ્મા, તા. ૪

દિવાળી અને નવરાત્રી પર્વને લઈને ખેડબ્રહ્મામાં આરોગ્યની ચીજવસ્તુઓ શંકાસ્પદ હોવાની આશંકાઓ તબક્કાવાર વધી રહી છે. આથી ફુડ વિભાગે રહેમ દષ્ટી હેઠળ સાબરકાંઠા ખેડબ્રહ્મા તેમજ પોશીના પંથકમાં માવાના વેપારીઓ સામે તપાસ કરી દિવાળી તહેવાર નજીક હોઈ બન્ને તાલુકાના માવા-મિઠાઈ, ઘી, તેલ સહિતની ચીજવસ્તુઓ આરોગ્ય સામે ખતરારૂપ છે કે કેમ ? તેની ખરાઈ ફુડ વિભાગે આદરે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી છે.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, સાબરકાંઠા માં ઘી, તેલ અને દૂધ સાથે તેની બનાવટો આરોગ્ય માટે સંપુર્ણ સુરક્ષિત હોવાનો દાવો થઈ શકે તેમ નથી. આવી સ્થિતિમાં દિવાળી તહેવાર નજીક હોઈ આરોગ્ય માટે ખાતરી થાય તેવી ચીજવસ્તુની ઓળખ કરવી અત્યંત મહત્વની બની છે. જેના અનુસંધાને સાબરકાંઠા જીલ્લા ફુડ એકમની ભુમિકા સૌથી વધુ જવાબદારી માંગી.

## ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયામાં રાત્રે ચોરોનો ત્રાસ ગામલોકોને ભારે હાલાકી

ખેડબ્રહ્મા, તા. ૪

પોશીના તાલુકાના સૌથી મોટા વેપારીમથક અને રાજસ્થાન સરહદને જોડતા લાંબડીયામાં છેલ્લા ત્રણ મહિનાથી રાત્રે ચોરોનો ત્રાસ બહુ જ વધી ગયો છે. અઠવાડિયામાં ત્રણ -ચાર વાર મોડી રાત્રે ગામમાં ચોરો ત્રાટકે છે અને ક્યારેક કોઈ બાઈક તો ક્યારેક કોઈકના ઘર કે દુકાનને નિશાન બનાવી ચોરી કરે છે. રાત્રે લોકો ચોરોના ત્રાસથી બહુ જ ફફડાટ અનુભવે છે. આ સંદર્ભે લાંબડીયા સદભાવના મંચ અને વેપારી એશોસીએશનના નેજા હેઠળ વારંવાર ખેરોજ પોલીસ મથકમાં જાણ કરવા છતાં કોઈ જ નક્કર પગલાં લેવામાં આવતા નથી. સદભાવના મંચના નેજા હેઠળ આયોજિત કાર્યક્રમમાં ખેરોજ પીએસઆઈને બોલાવી જાહેરમાં આ સંદર્ભે વિનંતીઓ કરવા છતાં પણ માત્ર મીઠા અને ઠાલા વચનો આપી ગ્રામજનોને સાંત્વના આપવામાં આવે છે પરંતુ પોલીસ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવતી ન હોય ચોરોને જાણે કે છૂટો દોર મળ્યો હોય એમ એ ખૂબ જ છાક્ટા થઈને લોકોને રંજાળી રહ્યા છે. આ બાબતે ગામલોકોએ આક્રોશપૂર્વક રોષ ઠાલવતા જણાવ્યું કે, લાંબડીયા રાજસ્થાન સરહદને અડીને આવેલું છે અને ખેરોજ પોલીસ મથક વિસ્તારમાં ગુજરાત-રાજસ્થાન સરહદને જોડતા પાંચ - છ નાકા આવેલા છે આથી, રાત્રે પોલીસ તંત્ર દારૂની ગાડીઓનો વહીવટ કરવામાં જ વ્યસ્ત રહે છે તેમજ રાત્રી પેટ્રોલિંગના નામે બાર વાગ્યાના સુમારે ગામમાં માત્ર એક ચક્કર લગાવી સંતોષ માને છે, ગામમાં આવેલ આઉટપોષ્ટ માત્ર શોભાના ગાંઠિયા સમાન જ છે ત્યાં દિવસે જ કોઈ નથી હોતું તો રાત્રે તો કોઈના મળવાનો પ્રશ્ન જ નથી, અગાઉ ઉપલબ્ધ ઘોડેસવાર પોલીસદળની વ્યવસ્થા પણ હાલમાં નથી, હોમગાર્ડ પણ માત્ર નામપુરતા જ છે તેમનું પણ કામ કોઈ ઠોસ નથી.